# જ્ઞાતિમૈયા


જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

ઈ-મેગેઝીન • વર્ષ : ૧ • અંક : ૧૩ • તા. ૮ સપ્ટેમ્બર થી ૧૪ સપ્ટેમ્બર ૨૦૧૮

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, 2, Krishan Kunj, Valaji Ladha Road, Mulund (West), Mumbai - 80.




## તૃતીય સંમેલન પ્રમુખ – જ્ઞાતિસેવાના વિશાળ વટવૃક્ષ

# શ્રી રાજેન્દ્ર મણિલાલ ખોના

જીવનની અડધી ભૂલો,
એટલા માટે થાય છે કે
જ્યાં આપણે વિચારીને કામ કરવું જોઈએ
ત્યાં લાગણીશીલ થઈ જઈએ છીએ
અને જ્યાં
લાગણીની આવશ્યક્તા હોય છે
ત્યાં આપણે વિચાર કરીએ છીએ

- જોન ડાલિન્સ




નીશિથ આનંદ દંડ

Sure Safety®
Complete Safety Solutions
PPE Training Consulting & Services



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

**નીશિથ આનંદ દંડ**
**જયંત વસનજી છેડા**
**રાજેન્દ્ર મણીલાલ ખોના**
**લક્ષ્મીચંદ લાલજી પોલડીયા**
**પ્રવીણ હંસરાજ લોડાયા**
**તીલોકચંદ નરશી દંડ**
**કિર્તીકુમાર ધનજી ધરમશી**

**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
B-2, Krishana Kunj,
V.L.Road, Mulund (West)
Mumbai - 400 080.
**Tel. 9769991922**
**9833406124**

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**
www.kdosamastamahajan.org
Email :
gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ ઓગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત... સંપાદક સ્થાનેથી

# મહામાંગલ્ય પર્વનો સંદેશ

આજનો યુગ દૂષણોનો યુગ છે. યંત્રવાદ, ભોગવાદ, અલગતાવાદ અને આતંકવાદનો ક્રુર પંજો માનવજીવ ને ચોફેર ભરડો લીધો છે. આજ દૂષણો તળે સામાન્ય માનવ રહેંસાઈ રહ્યો છે.

આવા કપરા કાળમાં પ્રભુ મહાવીર દેવનો સંદેશ જ ઉપકારક થઈ શકે છે, શાતા આપી શકે છે. દુષ્ટતા, પાપાચાર અધમતાનું શમન કરી શકે છે. તેમના સંદેશાઓનો સાર એ છે કે માનવનું મનુષ્ય ગતિ પામ્યો છે તો સૌ પ્રથમ માનવીય ગુણો પ્રાપ્ત કરે, તેને આત્મસાત કરી સાચા અર્થમાં માનવ થા. સાચે સાચો માનવ થઈ મુનિ થા અને મુનિ થઈને અંતે મોક્ષે જા. મુનિ એટલે સંન્યત લેવું જ નહીં પણ અંતરત્વ શમન કરીને રોગ, વિકાર, ક્રોધ, દ્વેષ, વેર, ઝેર પ્રત્યે વિતરાગ કેળવી અલિપ્ત બનીએ.

જિનશાસનની ભવ્ય ઈમારત અહિંસા, તપ અને સંયમના ટેકા બળે ટકેલી છે. જીવ માત્ર પ્રત્યે મૃદુતા કેળવી. દયા, ભાવ અને પ્રેમ ભાવના રાખવી એ આપણો ધર્મ છે અને એ ભાવ કાયમ હૈયે રાખવો. મહામાંગલ્ય પર્વાધિરાજ પર્યુષણનો પ્રથમ સંદેશ એ છે કે કઠોર ન બનો. કઠોરતાને ત્યાગી કોમળ બનો. હળવા ફૂલ જેવા બનો. હવાની તાકત જંગી જહાજને પલટી દેવાની છે. તોતીંગ તરૂવરને જડમૂળથી ઉખાડી દે એવી છે. પણ એને વજનમાં ન માપી શકાય. મુઠીમાં ન બાંધી શકાય. આ તાકત તપોબળથી આપણે પામી શકીએ. તપ દ્વારા મળેલ આત્મજ્ઞાન મેળવી કેળવણી કરી શકીએ. માનવ જાતનું હિત સાધક બળ બની શકીએ છીએ.

આજનો માનવ ભોગવાદની ભૂતાવળમાં લપેટાઈ ભૂરાટો થઈ ભમે છે. પ્રત્યેક જણ, જીવથી પરિવાર લગી અને સમગ્ર વિશ્વમાં હિંસાનો હડકવા વળગયો છે. નાના મોટા કીડા, માંકડ, મચ્છરો, જૂ, વંદા, જળમચ્છથી લઈને ગર્ભમાં રહેલ અજન્મ જીવોને પણ મારતા આપણે અચકાતા નથી. માત્ર હું જ જીવું એ જ એક માત્ર લક્ષ્ય બની ગયો છે. એને માટે ભલે કેટ કેટલાના ભોગ લેવા પડેને ભલે.

પણ જિનશાસનનો ઉપદેશ છે, અર્ક છે. સબૂર, કદાચ કોઈને બચાવવા જતાં તમારે કષ્ટ પડે તો સહન કરી લેવું એના પર પડતો માર આપણા પર લઈ લેવું અરે એસકવાર ખુદ ફના થઈ જવું પણ અન્ય જીવને કોઈ કષ્ટ, અત્યાચાર ન સહેવા પડે એવું વલણ રાખવું.

જીવદયા અને જીવ મૈત્રી તો જિન ધર્મના પાયાનો સિધ્ધાંત છે. આવી સમજ અને આવી ઓળખ આપણે આ મહામાંગલ્ય પર્વમાંથી મેળવીએ. આત્મકલ્યાણ અને આત્મભાવના સદૈવ કેળવીએ.

જિન જયતિ શાસનમ

જય જ્ઞાતિમૈયા

## જ્ઞાતિસેવાના વિશાળ વટવૃક્ષ

# શ્રી રાજેન્દ્ર મણિલાલ ખોના



નાની વયે જ જેની પ્રતિમા ઝળકી ઉઠે તેવી વ્યક્તિ માટે કચ્છીમાં 'ધ્રબુડી ચસ ઉમદો કરે' અને હિન્દીમાં '**होनहार बिरबान के होत चीकने पात**' (જે વટવૃક્ષ થવા જઈ રહ્યું હોય તેના પાંદડા શરૂઆતથી જ ચમકવા લાગે છે) એવી પંક્તિઓ જોવાયું છે. ક.દ.ઓ.જ્ઞાતિની સમૃધ્ધ પરંપરામાં ચૂસ્ત વિશ્વાસ ધરાવનારા અને જ્ઞાતિહિત અને જ્ઞાતિ ઉત્કર્ષ માટે યુવાવયથી અહર્નિશ પ્રયત્નશીલ એવા કર્મઠ સેવક અને કુશળ નેતૃત્વ શક્તિ ધરાવનારા શ્રી રાજેન્દ્રભાઈ આ પંક્તિઓને યથાર્થ કરનારા જ્ઞાતિસપૂત છે.

મૂળગામ સુથરીના રાજેન્દ્રભાઈના દાદાએ મુંબઈની મેવા બજારની પ્રતિષ્ઠિત પેઢી દલાલ મણિલાલ કુંવરજી એન્ડ કંપની સ્થાપી જે તેમના પછી રાજેન્દ્રભાઈના પિતાશ્રી મણિલાલભાઈ, ત્યારબાદ રાજેન્દ્રભાઈએ સંભાળી. રાજેન્દ્રભાઈનો જન્મ તા.૧-૪-૧૯૫૩ના માતા મીઠીબાઈની કૂખે થયો. એસ.એસ.સી. કર્યા બાદ મુંબઈની વિલ્સન કોલેજમાં પ્રથમ વર્ષ સાયન્સનો અભ્યાસ કરી રહ્યા હતા. તે દરમ્યાન તેમના પિતાશ્રીની બિમારીને કારણે અભ્યાસ અધવચ્ચે મુકી ૧૯૭૦માં માત્ર ૧૭ વર્ષની વયે કૌટુંબિક પેઢીનો વ્યવસાય સંભાળી લીધો. આજે ૧૧૧ વર્ષથી ચાલી રહેલી મેવા બજારની આ પ્રતિષ્ઠિત પેઢી હાલ તેમના નાનાભાઈ અશ્વિનભાઈ સંભાળે છે. દીર્ઘકાળ સુધી મેવા બજારથી સંકળાયેલા હોઈ જાણે કે સૂકા મેવાની સત્વશીલતા તેમણે આત્મસાત કરી લીધી છે.

રાજેન્દ્રભાઈને યુવાવયથી જ જ્ઞાતિસેવા કરવાના કોડ. વ્યવસાયમાં વ્યસ્ત હોવા છતાં દરેકને ઉપયોગી થવું એ એમનો મૂળભૂત સ્વભાવ યુવાનીના ઉંબરે પગ મૂકતાં જ તેમની નેતૃત્વશક્તિ ખીલવા લાગી. ૧૯૭૨માં ૧૯ વર્ષની વયે શ્રી ક.દ.ઓ.જૈન વિદ્યાર્થી સંઘના સેક્રેટરી થયા. ૧૯૭૬માં ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજનની વ્યવસ્થાપક સમિતિમાં કો-ઓપ સભ્ય તરીકે નિમાયા. શ્રી પ્રતાપભાઈ ગોવિંદજી શાહના નેતૃત્વના તેઓ પ્રશંસક, તેમની પ્રેરણા, માર્ગદર્શન અને રાહબરી હેઠળ સામાજિક ક્ષેત્રે સતત આગળ વધતા રહ્યા. તેમને તેઓ પોતાના ગુરૂ માનતા અને શિષ્ય પ્રમાણે તેમની પાસે સમાજસેવાના પાઠ શીખતા.

નાનપણથી ધર્મપ્રત્યે ખૂબ રૂચિ ધરાવતા હોવાથી પોતાના નાની માઁ દેવકાંબાઈ રતનશી લોડાયા ગામ જખૌવાળાના ચાર્તુમાસ અર્થે  પોતે પોતાના પરિવાર સાથે પાલીતાણામાં પાંચ માસ રહ્યાં. જ્ઞાતિની પ્રતિષ્ઠિત શેઠશ્રી નરશી કેશવજી ધર્મશાળામાં પ.પૂ.કેસરશ્રીજી મ.સા., પ.પૂ.હરખશ્રીજી મ.સા. તથા પ.પૂ.મુક્તિશ્રીજી મ.સા. જેવા ત્રણ ત્રણ ધૂરંધર


**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 9769991922**

**Read E-Paper @ www.kdosamastamahajan.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**B-2, Krishana Kunj, V.L.Road, Mulund (West) Mumbai - 400 080.**

## જ્ઞાતિસેવાના વિશાળ વટવૃક્ષ શ્રી રાજેન્દ્ર મણિલાલ ખોના (ચોથા પાનેથી ચાલુ)



સાધ્વીઓ ત્યાં સ્થળે ચાતુર્માસાર્થે ઉપસ્થિત હતા. તેમની નિશ્રામાં શ્રી રાજેન્દ્રભાઈમાં જૈન ધર્મના અભ્યાસના ઊંડા બીજ રોપાયા અને તેમણે દૈવસિક તથા રાઈ પ્રતિક્રમણ કંઠસ્થ કર્યા તથા ત્યારપછીના વર્ષોમાં મુંબઈમાં અનંતનાથશ્રીજી જિનાલયમાં પર્યુષણમાં સૂત્રો બોલતા થયા જે આગળ જતાં પંચપ્રતિક્રમણના કંઠસ્થ કરવા સુધી વિસ્તર્યા.

૧૯૭૯ની ચૂંટણીમાં તેઓ ૨૬ વર્ષની ઉંમરે જ્ઞાતિના પ્રતિષ્ઠિત શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડોના ટ્રસ્ટી તરીકે બીજા નંબરે ચૂંટાયા.

ઇ.સ.૧૯૭૯માં હુબલી ખાતે યોજાયેલ દ્વિતીય જ્ઞાતિ સંમેલનમાં મુંબઈ મહાજનશ્રીના પ્રતિનિધિ તરીકે પુનશી દામજી ખોનાના પ્રમુખપદ હેઠળ રાજેન્દ્રભાઈએ સક્રિય ભાગ ભજવ્યો. સમાજસેવાના પંથે અવિરત પ્રગતિ કરતાં ઈ.સ.૧૯૮૨માં શાંતિલાલ મુલજી શિયાલના પ્રમુખકાળ દરમ્યાન શ્રી ક.દ.ઓ.જ્ઞાતિ મહાજન, મુંબઈના ઉપપ્રમુખ બન્યા. શાંતિલાલભાઈની આ ટીમમાં ધનજીભાઈ ભવાનજી ભેદા પ્રથમ ઉપપ્રમુખ, રાજેન્દ્રભાઈ દ્વિતીય ઉપપ્રમુખ, પ્રતાપભાઈ ગોવિંદજી શાહ અને શૈલેષ સનતભાઈ શાહ માનદ્‌મંત્રીઓ હતા. આ સક્રિય અને ઉત્સાહી ટીમે બે વર્ષના ટૂંકા ગાળામાં જ્ઞાતિવિકાસને ગતિ આપી. આ સમય દરમ્યાન શ્રી અનંતનાથજી જીનાલયની ૧૫૦માં વર્ષગાંઠ, શેઠશ્રી નરશી નાથાની ૨૦૦મી જન્મજયંતિ ઉપરાંત ચાર મેડિકલ કેમ્પસ અને ૨૭૦ યાત્રિકો સાથે શ્રી સમ્મેતશિખરજી યાત્રા જેવા અનેક કાર્યોના આયોજનમાં રાજેન્દ્રભાઈએ સક્રિય ભાગ ભજવ્યો.

રાજેન્દ્રભાઈની નેતૃત્વ અને કર્તૃત્વશક્તિને લક્ષમાં લઈ વર્ષ ૧૯૮૫માં રાજેન્દ્રભાઈને શ્રી મુંબઈ મહાજનશ્રીનું પ્રમુખપદ સર્વાનુમતે સોંપવામાં આવ્યું. ૧૯૮૫થી ૧૯૯૪ સુધી શ્રી મુંબઈ મહાજનશ્રીનું પ્રમુખપદ કુશળતાપૂર્વક સંભાળી જ્ઞાતિસેવામાં સતત કાર્યરત રહ્યા.

આ સમય દરમ્યાન ઈ.સ.૧૯૯૧માં વિદ્યાવિહાર-ઘાટકોપર ખાતે યોજાયેલ સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિના તૃતિય સંમેલનનું અધ્યક્ષપદ તેમણે માત્ર ૩૮ વર્ષની વયે શેઠશ્રી હંસ બી. ખીમજીના સંપૂર્ણ સાથ સહકારથી શોભાવ્યું. આ તૃતિય સંમેલનમાં જ્ઞાતિહિતના




## જ્ઞાતિસેવાના વિશાળ વટવૃક્ષ શ્રી રાજેન્દ્ર મણિલાલ ખોના (ચોથા પાનેથી ચાલુ)

અનેક ઠરાવો થયા અને સંમેલનની ફળશ્રુતિરૂપે આજે શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન અસ્તિત્વમાં છે અને જ્ઞાતિના સર્વાંગી વિકાસ માટે વ્યાપક પ્રવૃત્તિઓ કરી રહ્યું છે.

રાજેન્દ્રભાઈની સમાજસેવાની ક્ષિતિજો વિસ્તરતાં ઇ.સ. ૧૯૯૧ થી ઈ.સ.૧૯૯૪ સુધી તેઓ જૈનોના પ્રતિષ્ઠિત શ્રી અચલગચ્છ (વિધિપક્ષ) જૈન સંઘના પ્રમુખ તરીકે સર્વાનુમતે ચૂંટાયા. આ સંઘમાં શ્રી કચ્છી વીશા ઓશવાલ દેરાવાસી સમાજ, શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ, શ્રી અચલગચ્છ રાજસ્થાન સમાજ તથા શ્રી અચલગચ્છ ગુર્જર જૈન સમાજ સામેલ છે. રાજેન્દ્ર નામના આ યુવાને સમાજસેવાના ક્ષેત્રમાં એક વટવૃક્ષનું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. તૃતીય સંમેલનના સફળ આયોજન છતાં ચોતરફથી તેમની પર સતત ટીકાઓ વરસતી રહી અને સતત ઉપેક્ષાનો સામનો કરવો પડયો જેને લીધે તેમના ઉત્સાહમાં અવરોધ પડયો અને નેતૃત્વની બાગડોરથી વિમુખ થતા ગયા આને લીધે જ્ઞાતિને એમના કુશળ, સંનિષ્ઠ નેતૃત્વથી વંચિત રહેવું પડયું જે જ્ઞાતિનું દુર્ભાગ્ય ગણી શકીએ. આ છતાં જ્ઞાતિ પ્રત્યેની ભાવનામાં એમણે ઓટ આવવા દીધી નથી.



૧૯૯૧માં રાજેન્દ્રભાઈની અધ્યક્ષતામાં યોજાયેલા તૃતીય સંમેલનની પૂર્ણાહુતિ સમયે તેમની શ્રી સમસ્ત ક.દ.ઓ.જૈન મહાજનના સેક્રેટરીપદે સર્વાનુમતે વરણી થઈ ત્યારથી આજ સુધી તેઓ શ્રી સમસ્ત મહાજનના ટ્રસ્ટીપદે રહ્યા છે. સુષુપ્ત રહેલ શ્રી સમસ્ત મહાજનને તેમણે પુનઃકાર્યાન્વિત કર્યું અને સેક્રેટરી જનરલનું પદ ચીમનભાઈ મેઘજી મોતાને સોંપ્યું.

જ્ઞાતિ અને સમાજસેવાનો યુવા વયેથી શરૂ કરેલ પ્રવાસ આજે રાજેન્દ્રભાઈની ૬૬ વર્ષની વયે પણ અવિરત જારી છે. જ્ઞાતિ ઉત્કર્ષ માટે તેમના પ્રયત્નો અર્ધ સદી સુધી વિસ્તરવાને આરે છે. છતાં યે આજે પણ એક યુવાન જેવા ઉત્સાહથી સેવાકાર્યોમાં રત છે. રાજેન્દ્રભાઈની સુદીર્ઘ સેવા કારકિર્દીને, તેમની નેતૃત્વ ક્ષમતાને, જ્ઞાતિ ઉત્કર્ષની ઉત્કટ ભાવનાને સો સો સલામ!


નારી શક્તિ 2018

# શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન

### નારી સશક્તિકરણ સમિતિ આયોજિત

## નારી શક્તિ ૨૦૧૮

**તા: ૨૩ ડિસેમ્બર ૨૦૧૮ થી ૨૫ ડિસેમ્બર ૨૦૧૮ના સહભાગી થવું હોય તો**

**https://docs.google.com/**
**forms/d/e/1FAIpQLSfCpag5hr46HHZQE3XLCfB5OaGRV_DUxgkv6_Vg4P8r_ywN_g/viewform**

**ઓપન કરી અને ફોર્મ સબમીટ કરશો.**

**યોગ્યતાના ધોરણે ૩૦૦ મેમ્બરોને આમંત્રણ આપવામાં આવશે.**

આ સેમિનારનું મુખ્ય આકર્ષણ આમાં હેલ્થ, કાયદાકીય, નાણાંકીય વિષયક જાગૃતિ, વ્યાપાર રોજગારમાં પ્રગતિ, પ્રેરણાયીક વિચારો સાથે વ્યક્તિત્વ વિકાસ વિશે માર્ગદર્શન અપાશે. ★ એન્ટ્રી નિશુલ્ક ★ નોંધણી ફરજિયાત

**ફોર્મ ભરવાની છેલ્લી તા. ૩૦ સપ્ટેમ્બર ૨૦૧૮**

**વિગતો માટે સંપર્ક કરો : મનીષભાઈ લોડાયા - ૯૭૬૯૯ ૯૧૯૨૨**

# શ્રી જખૌ તીર્થે પ.પૂ.સા.સાધ્વીશ્રી આનંદકિરણાશ્રીજી મ.સા.ની પાવન નિશ્રામાં સંઘમાં ધર્મઆરાધના




શ્રી જખૌ તીર્થે પ.પૂ.સા.સાધ્વીશ્રી આનંદકિરણાશ્રીજી મ.સા.ની પાવન નિશ્રામાં સંઘમાં ધર્મઆરાધના હર્ષોલ્લાસ સાથે ઉજવાઈ રહી છે. પરમ પવિત્ર 'કલ્પસૂત્ર' પોથી પધરાવવાનો અમુલ્ય લાભ શ્રીમતી સરોજબેન લાલજી મુનવર પરિવારે ૩૩૩૩ મણમાં લીધેલ છે. ગામના તથા દેશદેશાવર થી શ્રાવક-શ્રાવિકાઓ ઉત્સાહપૂર્વક ભાગ લઈ રહ્યાં છે.




## જ્ઞાતિમૈયાના જૂના અંકો જોવા-વાંચવા માટે જુઓ

## www.kdosamastamahajan.org




**આમાં છેલ્લો અંક ઉપરાંત અગાઉના બધા અંક જોવા-વાંચવા મળશે**

**પીડીએફ નકલ ડાઉનલોડ કરી પ્રિન્ટ હાથ વગી કરી શકશો**

# શ્રી કોઠારા તીર્થે પ.પૂ.સાધ્વીશ્રી નમ્રગુણાશ્રીજી મ.સા.ની પાવન નિશ્રામાં સંઘમાં ધર્મઆરાધના

શ્રી કોઠારા તીર્થે પ.પૂ.સાધ્વીશ્રી નમ્રગુણાશ્રીજી મ.સા.ની પાવન નિશ્રામાં સંઘમાં ધર્મઆરાધના હર્ષોલ્લાસ સાથે ઉજવાઈ રહી છે. પરમ પવિત્ર 'કલ્પસૂત્ર' પોથી પધરાવવાનો અમુલ્ય લાભ શ્રી મહેશ ગોવિંદજી શામજી અજાણી હાલ-ઘાટકોપર પરિવારે ૧૫૧ મણમાં લીધેલ છે.








Since 1989

*Mr. Chetankumar Momaya*
Proprietor
Jakhau - Ghatkopar

OLYMPIA
TRAVELS 'N' TOURS

"The One Stop Travel Shop, Right Where You Need It"

Air Tickets
Destination Wedding
Spiritual & Wellness Tourism
Adventure & Sports Tourism
Bollywood & Cinema Tourism

M.I.C.E. Operator
Inbound & Outbound Tours
Worldwide Cruise & Hotel Booking
Visa / Passport Assistance
Travel Insurance

Weekend Destination

Shop No.5 | Megh Ratan | Derasar Lane | Ghatkopar East | Mumbai – 400 077 | Maharashtra | India
+91-22-2501 3810/11/12
olympia_tours@hotmail.com; info@olympiatourism.in;
+91-93240 58413
www.olympiatourism.in

IATA Accredited Agent
ATOAI ALLIED
IBG



હાર્દિક અભિનંદન



અ.સૌ. કોમલ પરિન લોડાયા (શાહ)
ગામ : વારાપધ્ધર, હાલે : અંધેરી(મુંબઈ)

CS ની પરિક્ષા માં ઉતિર્ણ થવા બદલ
ખૂબ ખૂબ અભિનંદન તથા
જીવન નાં દરેક ક્ષેત્રે યશસ્વી ભવિષ્ય
માટે અમારી મંગલ કામના

: શુભેચ્છક :
શ્રીમતિ કુમુદ અરવિંદ લોડાયા
શ્રીમતિ છાયા ભુપેન્દ્ર લોડાયા
પરિન, ગૌરવ તથા અદિતિ
ગાંધીધામ (કચ્છ)

# પંરપરાગત રીતે અનંતનાથ દેરાસરમાં પર્યુષણ પર્વની આરાધના







શ્રી અનંતનાથજી દેરાસર મસ્જિદ બંદરે પ.પૂ.સાધ્વીશ્રી નંદીવર્ધનાશ્રીજી મ.સા. આદિઠાણા ૪ની નિશ્રામાં પર્યુષણ પર્વની આરાધના ધામધૂમથી થઈ રહી છે. જેમાં આ વર્ષે શ્રી કલ્પસૂત્ર (પોથી) ઘરે પધરાવવાના લાભાર્થી પરિવાર માતુશ્રી મેઘબાઈ કાનજી હંસરાજ લોડાયા પરિવાર મસ્જીદબંદર/તેરા




સ્વપ્ન મહોત્સવ દરમ્યાન મહેતાજી બનવાના લાભાર્થી પરિવાર શ્રી રાયચંદ શીવજી છેડા પરિવાર, મસ્જીદબંદર/વારાપધર

સ્વપ્ન મહોત્સવ દરમ્યાન તિલક કરવાના લાભાર્થી પરિવાર, માતુશ્રી ચંપાબેન હંસરાજ ડાઘા પરિવાર, મસ્જિદબંદર/વરાડિયા

શ્રી કલ્પસૂત્ર વહોરાવાના લાભાર્થી પરિવાર, શ્રી નિરંજન કેશવજી મોમાયા પરિવાર, મસ્જીદબંદર/વરાડિયા

પાંચ જ્ઞાનપૂજાના લાભાર્થી પરિવાર - (૧) શ્રી પ્રફુલ વસનજી નાગડા (તારવાલા), મસ્જીદબંદર (૨) શ્રી લલિત ચત્રભુજ પટેલ, મસ્જીદબંદર/તેરા (૩) શ્રી નિરંજન કેશવજી મોમાયા, મસ્જીદબંદર/વરાડિયા (૪) માતુશ્રી મંજુલાબેન શામજી ખોના, મસ્જીદબંદર/સુથરી (૫) મૈત્રી-ભાવિન નીતેશ વીણા નાગડા, મસ્જીદબંદર/પરજાઉવાળાએ લીધેલ છે તેમજ પરંપરાગત રીતે રોજ રાત્રે ભાવનામાં પણ સારી સંખ્યામાં શ્રાવકો લાભ લઈ રહ્યાં છે અને રોજેરોજ ભવ્ય રીતે આંગીથી ભગવાનના દર્શન થાય છે.





# શ્રી બાયઠ તીર્થે પર્યુષણ પર્વની વિશેષ આરાધના







શ્રી બાયઠ તીર્થે પરમ પવિત્ર 'કલ્પસૂત્ર' પોથી પધરાવવાનો અમુલ્ય લાભ માતુશ્રી નિર્મલાબેન રતિલાલ નાગડા પરિવાર એ ૧૧૧ મણમાં લીધેલ છે.

## શ્રી અચલગચ્છ જૈન સંઘ-અમદાવાદ

શ્રી અચલગચ્છ જૈન સંઘ-અમદાવાદમાં ચાર્તુમાસાર્થે બિરાજમાન પ.પૂ.સાધ્વીશ્રી મુક્તિરત્નશ્રીજી અને પ.પૂ. સાધ્વીશ્રી સંસ્કારનિધિ મ.સા.ની નિશ્રામાં પર્વાધિરાજ પર્યુષણ પર્વની આરાધનાઓ તપ, જપ, ધ્યાન દ્વારા સુપેરે ચાલી રહી છે. પરમ પવિત્ર 'કલ્પસૂત્ર' પોથી પધરાવવાનો અમુલ્ય લાભ શ્રી નવીનચંદ્ર કેશવજી મોતા પરિવાર ગામ-લાખણીયા હાલ-અમદાવાદ ૩૭૧ મણમાં લીધેલ છે.

## શ્રી અચલગચ્છ જૈન સંઘ-ડોંબિવલી (વે)

શ્રી અચલગચ્છ જૈન સંઘ-ડોંબિવલી સંચાલિત કોપર રોડ વેસ્ટ સ્થિત શ્રી મુનિસુવ્રત સ્વામી ચૌમુખી જીનાલય એ ચાર્તુમાસાર્થે બિરાજમાન શ્રમણ-શ્રમણીઓની નિશ્રામાં પર્વાધિરાજ પર્યુષણ પર્વની આરાધનાઓ તપ, જપ, ધ્યાન દ્વારા સુપેરે ચાલી રહી છે. પરમ પવિત્ર 'કલ્પસૂત્ર' પોથી પધરાવવાનો અમુલ્ય લાભ શ્રી મિથુન રાયચંદ જીવાણી પરિવાર ગામ-જખૌ અને હિરાચંદ ખેતશી મોતા પરિવારએ ૪૪૪૪ મણમાં લીધેલ છે.




ISO 9001:2015
INSURANCE SERVICES
CERTIFIED COMPANY
You're safe in our hands.
SINCE 1977

Bipin Nagda
Insurance & Financial Services
An ISO 9001:2015 Certified Co.
India's Leading Agent
682, Ajanta Compound, Bhiwandi.
Tel.02522-232190/231411/254011
Mob. : 9323525000
Email : bipinpnagda@gmail.com,
Web. : www.bipinnagda.com

# શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થી સંઘનો ૬૫મો સ્થાપના દિવસ ઉજવાયો





શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થી સંઘના ૬૫મા સ્થાપના દિવસ નિમિત્તે ૧૯ ઓગસ્ટ ૨૦૧૮, રવિવારના રોજે સવાલોત્સવ - સવાલો કી શામ, આપકે નામ આ કાર્યક્રમ ઝવેરબેન પોટલાલ ઓડિટોરિયમ, ઘાટકોપરમાં યોજાયું હતું.

આ કાર્યક્રમની શરૂઆત બપોરના ૩ વાગે વિદ્યાર્થી સંઘના કાર્યકર્તા કુ.વિધિ અને કુ.હર્ષિતા દ્વારા નવકાર મહામંત્ર ના સ્મરણ સાથે ગેસ્ટ ઓફ હોનર શ્રી નીલ કિરીટ સોમૈયા (Municipal Councillor, Mulund Secretary Mumbai BJP), ચીફ ગેસ્ટ શ્રી અનિકભાઈ નરેન્દ્ર ધરમશી (DIRECTOR - HD Fire Protect Pvt. Ltd.), સ્પેશ્યલ ગેસ્ટ શ્રીમતી દમયંતિબેન લોડાયા (લોખંડવાલા), શ્રી હિરેન ભાઈ ધરમશી, શ્રીમતી પૂજા અનિક ધરમશી, પ્રમુખ શ્રી હેમીલભાઈ દંડ, ઉપપ્રમુખ શ્રી ઊર્મિન લોડાયા અને માનંદમંત્રી કુ.એકતા લોડાયા દ્વારા દીપ પ્રાગટ્ય કરીને થઈ.



વિદ્યાર્થી સંઘ ના ટીમ દ્વારા ભારત ના પૂર્વ પ્રધાનમંત્રી શ્રી અટલ બિહારી વાજપાઇ ને શ્રદ્ધાંજલી આપવામાં આવી.

કાર્યક્રમ ના હોસ્ટ દ્વારા ક્વિઝ રમાડવા માં આવી. એજ ગ્રુપ પ્રમાણે ચિટ્સ ઉપાડી ૬ લોકો ની ૪ ટીમ બનાવવા માં આવી, એવા ૫ રાઉન્ડ થયા. કુલ મળીને ૧૨૦ લોકોએ રમત રમી. જેમાં ૩૦ લોકો વિજેતા રહ્યા અને ૯૦ લોકો રનર્સ-અપ રહ્યા. સહુ વિજેતા ટીમ્સ અને રનર અપ ટીમ્સ ને ઇનામ અને સર્ટિફિકેટ આપવામાં આવ્યા. સાથેજ ઓડિયન્સ રાઉન્ડ માં ઓડિયન્સ ને રમાડી એમને પણ ઈનામ અપાયા. કુલ ૨૦૦ લોકોએ કાર્યક્રમ માં પધારી કાર્યક્રમ ની શોભા વધારી. મીડિયા પાર્ટનર તરીકે જ્ઞાતિમૈયા, ગુર્જરમાત અને વોઈસ ઓફ ઘાટકોપર હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા પ્રમુખ શ્રી હેમીલ જયેશ દંડના નેતૃત્વ માં ઉપ-પ્રમુખ શ્રી ઊર્મિન લોડાયા, માનદ-મંત્રી કુ. એકતા લોડયા, સહ માનદ-મંત્રીઓ કુ. લબ્ધી લોડાયા અને શ્રી શુભમ લાપસીયા, માનદ-કોષાધ્યક્ષ શ્રી રુષભ પોલડીયા, સહ માન દ-કોષધ્યક્ષઓ શ્રી પ્રિન્સ ધરમશી અને કુ. શ્રુસ્ટિ લોડયા, કમિટી મેમ્બર્સ મીત મૈશેરી, અશ્વિન લોડાયા અને ચિરાગ લોડાયા અને કોંટેક્ટ મેમ્બર્સ ધનિષ્ઠા ધરમશી, ડિમ્પલ જીવાણી, ઇશીતા છેડા, હર્ષિતા પોલડીયા, હેતલ લોડયા, નિશિતા દંડ, નિતિ મૈશેરી, સિધ્ધિ લોડાયા, ઉર્વી લોડાયા, વિધિ છેડા, ભવ્ય દંડ, ધર્મીલ નાગડા, ગૌતમ સ. લોડાયા, ગૌથમ ઉ. લોડાયા, જૈનમ નાગડા, હર્ષિત દંડ, હિત દંડ, મોહિત લાપસીયા, પૂર્વેશ લોડાયા, સ્મિત લોડાયા, શ્રુત દંડ, ઉજ્જ્વલ લોડાયા, ઉર્વેશ છેડા, અને વિપુલ સોનીએ ભારી જહેમત ઉઠાવી.



# વિવિધ ગામોમાં 'કલ્પસૂત્ર' પોથી પધરાવનાર ભાગ્યશાળીઓની વિગત

**દેશ દેશાવરમાં શ્રી ક.દ.ઓ.જૈન મહાજનના વિવિધ સંઘોમાં ચાર્તુમાસાર્થે બિરાજમાન શ્રમણ-શ્રમણીઓની નિશ્રામાં પર્વાધિરાજ પર્યુષણ પર્વની આરાધનાઓ તપ, જપ, ધ્યાન દ્વારા સુપરે ચાલી રહી છે. વિવિધ ક્ષેત્રોમાં કલ્પસુત્ર પોથી પધરાવનાર ભાગ્યશાળીઓની વિગત નીચે મુજબ છે.**

૧) શ્રી સુથરી તીર્થે પ.પૂ.સાધ્વીશ્રી મહાયશાશ્રીજી મ.સા.ની શુભ નિશ્રામાં 'કલ્પસૂત્ર' પોથી પધરાવવાનો લાભ શેઠ શ્રી સોમચંદ વશનજી શીવશી મોમાયા હાલ-મુલુંડ, ૧૨૫૧, મણમાં લાભ લીધેલ.

૨) શ્રી નલિયા તીર્થે પ.પૂ.સાધ્વીશ્રી જયકિર્તીશ્રીજી મ.સા.ની પાવન નિશ્રામાં સંઘમાં ધર્મઆરાધના હર્ષોલ્લાસ સાથે ઉજવાઈ રહી છે. પરમ પવિત્ર 'કલ્પસૂત્ર' પોથી પધરાવવાનો અમુલ્ય લાભ શ્રી પ્રફુલ આણંદજી ગોસર પરિવારે ૧૬૧ મણમાં લીધેલ છે.

૩) શ્રી રાપરગઢવારી તીર્થે સંઘમાં ધર્મઆરાધના હર્ષોલ્લાસ સાથે ઉજવાઈ રહી છે. પરમ પવિત્ર 'કલ્પસૂત્ર' પોથી પધરાવવાનો અમુલ્ય લાભ શ્રી લહેરચંદ કુંવરજી રાઘવજી મૈશેરી પરિવારે ૫૧ મણમાં લીધેલ છે.

૪) શ્રી સાંધણ તીર્થે સંઘમાં ધર્મઆરાધના હર્ષોલ્લાસ સાથે ઉજવાઈ રહી છે. પરમ પવિત્ર 'કલ્પસૂત્ર' પોથી પધરાવવાનો અમુલ્ય લાભ શ્રી મિતેશ ઉત્તમચંદ લોડાયા અને શાંતીનાથ દેરાસરજીના કર્મચારીઓ પરિવારે ૬૧૧ મણમાં લીધેલ છે.

૫) શ્રી સાંયરા તીર્થે પ.પૂ.સાધ્વીશ્રી ચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા., પ.પૂ.અનંતયશાશ્રીજી મ.સા., પ.પૂ.અપૂર્વયશાશ્રીજી મ.સા. તથા પ.પૂ.અર્હંયશાશ્રીજી મ.સા.ની પાવન નિશ્રામાં સંઘમાં ધર્મઆરાધના હર્ષોલ્લાસ સાથે થઈ રહી છે. પરમ પવિત્ર 'કલ્પસૂત્ર' પોથી પધરાવવાનો અમુલ્ય લાભ માતુશ્રી દમયંતીબેન લક્ષ્મીચંદ વેલજી હાલ મુંબઈના પરિવારે ૨૮૮૨૮ મણમાં લીધેલ છે.

૬) શ્રી દલતુંગી તીર્થે પરમ પવિત્ર 'કલ્પસૂત્ર' પોથી પધરાવવાનો અમુલ્ય લાભ શ્રીમતી પ્રેમીલાબેન નવિનભાઈ નાગડા ગામ-તેરા એ ૫૧ મણમાં લીધેલ છે.

૭) શ્રી વડોદરા તીર્થે સંઘમાં ધર્મઆરાધના હર્ષોલ્લાસ સાથે ઉજવાઈ રહી છે. પરમ પવિત્ર 'કલ્પસૂત્ર' પોથી પધરાવવાનો અમુલ્ય લાભ માતુશ્રી નવલબેન જેચંદ લોડાયા પરિવાર ગામ-જખૌ એ ૫૫૦૧ મણમાં લીધેલ.




૮) શ્રી સાંધવ તીર્થે પ.પૂ.સાધ્વીશ્રી પાવનગુણાશ્રીજી મ.સા.ની પાવન નિશ્રામાં સંઘમાં ધર્મઆરાધના હર્ષોલ્લાસ સાથે ઉજવાઈ રહી છે. પરમ પવિત્ર 'કલ્પસૂત્ર' પોથી પધરાવવાનો અમુલ્ય લાભ જયાબાઈ ચત્રભુજ દંડ પરિવાર હાલ-ભાંડુપ ૩૩૩૩ મણમાં લીધેલ.

૯) શ્રી લાલા તીર્થે પરમ પવિત્ર 'કલ્પસૂત્ર' પોથી પધરાવવાનો અમુલ્ય લાભ શ્રીમતી પુષ્પાબેન પદમશી વિકમશી ગામ-રાણપર એ ૧૫૦૧ મણમાં લીધેલ છે.

૧૦) શ્રી બેંગ્લોર તીર્થે પરમ પવિત્ર 'કલ્પસૂત્ર' પોથી પધરાવવાનો અમુલ્ય લાભ માતુશ્રી નવલબેન દેવજી આણંદજી મૈશેરી ગામ-નલિયા, હાલ બેંગ્લોર પરિવારે ૬૧૦૧ મણમાં લીધેલ.

૧૧) ઘાટકોપર (પૂર્વ) માં શ્રી કચ્છી દશા ઓસવાલ ઘાટકોપર, વિદ્યાવિહાર, ચેમ્બુર જૈન સંઘ મધ્યે પરમ પવિત્ર 'કલ્પસૂત્ર' પોથી પધરાવવાનો અમુલ્ય લાભ માતુશ્રી સરલાબેન જયચંદ લોડાયા હસ્તે ધનેશભાઈ જયચંદ લોડાયા નલિયાએ લીધેલ.

૧૨) શ્રી રંગપુર તીર્થે પરમ પવિત્ર 'કલ્પસૂત્ર' પોથી પધરાવવાનો અમુલ્ય લાભ માતુશ્રી નિર્મલાબેન જેઠાલાલ લાલજી ધરમશી હાલ મુલુંડ એ ૩૩૩ મણમાં લીધેલ છે.

# વિવિધ ગામોના મહાજનોની અનેક વિધતા

**શ્રી હૈદ્રાબાદ મહાજન :** દેશમાં જ્યારથી એપ્રીલ ટુ માર્ચના વરસની મહતા વધી છે. ત્યારથી ક્રમશ દિવાળીનું મહત્વ ઘટતું ચાલ્યું પરંતુ, આનંદની વાત છે કે હૈદ્રાબાદ મહાજને દિવાળીની મહત્તાને જરા પણ આંચ આપવા દીધી નથી. દર વર્ષે મહાજનનું સ્નેહ મિલન ગોઠવી વરસો જૂની પરંપરા અખંડિત રાખી છે. આમ હૈદ્રાબાદ મહાજન દિવાળીની મહતા જાળવતું મહાજન છે. તે માટે હૈદ્રાબાદ મહાજનના પ્રમુખશ્રી ધનપત લાલજી મોતા અને તેમના સહભાગી અધિકારી વર્ગ તેમજ હૈદ્રાબાદ સિકન્દ્રાબાદ વાસી જ્ઞાતિ ભાઈ બહેનોને અભિનંદન ઘટે છે.

દિવાળીના મહત્વની પરંપરા વિના ખંડિત થયે વરસો વરસ ચાલુ છે. દિવાળી બાદ હૈદ્રાબાદ સિંકદ્રાબાદ સ્થિત કે.ડી. ઓ.નું સ્નેહમિલન અચૂક ભરાય છે. નાના મોટાં, સજ્જન સંન્નારીઓ ઉમંગથી ભાગ લઈ સમારંભની શોભા વધારે છે. ધીર ગંભીર શાંત શ્રી ધનપત લાલજી મોતા (વારાપધર) મહાજનનું પ્રમુખપદ કુશળતાથી સંભાળી રહ્યા છે.

**શ્રી મોટી સિંધોડી મુંબઈ મહાજન :** મહાજનનો વિક્રમ ગણી શકાય કે અત્યાર સુધી કોઈ મહાજનના પ્રમુખ પદે સન્નારી બિરાજમાન નથી, શ્રીમતિ હર્ષાબેન ઉદયન શાહ ધૂરા સંભાળી રહ્યા છે. સંમેલનએ મહાજન, પ્રગતિ મહિલા મંડળ અને યુથ ફોરમનો ત્રિવેણી સંગમ હોય છે.

**શ્રી વાંકુ મહાજન :** નાની પંચ તીર્થમાં સમાવેશ થતા વાંકુ મહાજને ગચ્છાધિપતિ આચાર્ય ગુણોદયસાગરજી તેમજ અન્ય સાધુ સાધ્વીઓની પવિત્ર નિશ્રામાં દેરાસરની પુનઃપ્રતિષ્ઠા રંગેચંગે ઊજવી. અનેક વિશેષતાઓમાં એક નોંધનીય વિશેષતા એ રહી કે ગામની નિયાણીઓને સહર્ષ આમંત્રી પ્રથમ દિવસનો લાભ તેમને આપ્યો તેમજ હાજર રહેલી સર્વ નિયાણીઓને વિદાય વેળા મૂળનાયક શ્રી અજીતનાથ ભગવાનની એમ્બોસ કરેલી કલાકૃતિ આપી. જે પામી ગામના મારા જેવા વેવાઈ ગણ આનંદિત અને ઉપકૃત થયા હોય તો નવાઈ નહિ.

**શ્રી કોઠારા મહાજન :** આ સાલ દેરાસરની ધજાનો લ્હાવો ફક્ત ગામની નિયાણીઓ માટે સુરક્ષિત રાખી નવી કેડી કંડારી જે અન્ય ગામોના મહાજનોને પણ પસંદ પડી. જોતજોતામાં અનુસરણ થવા માંડ્યું.

**શ્રી લાલા મહાજન :** નાની પંચતીર્થિના ગામ લાલાના ભાઈઓમાં સુષુપ્ત મહાજનની પ્રવૃત્તિઓને ધમધમતી કરવા ખમતીધર કાર્યકરો કમર કસી રહ્યા છે અને ધીરે ધીરે સફળતા પામી રહ્યા છે. ધન્યવાદ.

**શ્રી રાપર (નવાવાસ) મહાજન :** મુંબઈ મહાજનના પ્રમુખશ્રી કલ્પેશ માણેકજી મોતાનું ગામ મૂઠી ઊંચેરા અગ્રણીએ મુંબઈ, હૈદ્રાબાદ વસતા ગામવાસીઓના સાથ સહકારથી મહાજનનું નામ રોશન રાખ્યું છે. નાના સા ગામમાં ભોજનાલયની વ્યવસ્થા ૩૬૫ દિવસ ચાલુ છે જે મહાજનના મુગટમાં યશકલગી સમાન છે.

**શ્રી સાંયરા મહાજન :** આધુનિકતાને વરેલા દૂરંદેશી સાંયરાવાસીઓએ બેનમૂન અતિથિગૃહ અને ભોજનાલયની વ્યવસ્થા કાયમી સ્થાપી કીર્તિ સ્તંભ ઊભા કર્યા છે. શ્રી વાંકુ તીર્થની પ્રતિષ્ઠાવેળા અમારા કોચીનવાળા વેવાઈ શ્રી દીનેશ લખમશી મૈશેરી સપરિવાર અહીં રોકાયા હતા અને આતિથ્ય માણ્યું જેની પ્રશંસા કરતા થાકતા ન હતા. મોઢા મોઢની વાત અને પ્રશંસા થકી તે મહાજનનું અતિ મહત્વનું જમા પાસું છે.

**શ્રી સાંધવ મહાજન :** વિશાળ હૃદય ધરાવતા મહાજન અન્ય ગામવાસીઓને હોંશે હોંશે કોઈ સંકોચ વિના આમંત્રે છે. ગામે પર્યુષણ ઉજવણીમાં સહાયભૂત થવા વિનામુલ્યે રહેવાની તથા સંઘના આંગણે જમવાની વ્યવસ્થા કરાય છે.

**શ્રી સુથરી મહાજન :** મૂળ સોનથરી તરીકે ઓળખાતા શ્રી સુથરી મહાજને ૧૭૫ વરસની દેરાસરની ઉજવણી વેળા ધારણાથી વિશેષ ભંડોળ ગામવાસીઓ તરફથી ભેટ ધરાતા કોઈ મણા વિના બેંકમાં કે તિજોરીમાં ભરી રાખવાની ભયના રાખ્યા વિના વિશાળ દીલની ઉચ્ચ ભાવના રાખી કચ્છના દશાઈ દેરાસરોને રૂા.૧,૭૫,૦૦૦ ભેટ ધરી આવતી મિશાલ સ્થાપના કરી.

**શ્રી નલિયા મહાજન :** અબડાસાની પંચતીર્થીમાંનું એક મોટું ગામ નલિયા સમસ્ત મહાજનોનું સંમેલન યોજવાનું પવિત્ર સરળ બની રહ્યું છે જે મહાજનની મોટાઈ, સર્વ સુવિધાઓની ઉપલબ્ધતાના દ્યોતક છે. જ્યારે જ્યારે ભવિષ્યમાં સંમેલનની વાત ચર્ચાશે ત્યારે નલિયાનું નામ ગુંજતું રહેશે.

– કાંતિલાલ કેશવજી મોતા (મુલુંડ)

# શ્રી સમસ્ત અચલગચ્છ જૈન સમાજ, મુલુંડ દ્વારા વિચારપ્રેરક કાર્યક્રમ ''મૃત્યુની રનિંગ કોમેન્ટ્રી''ની રજૂઆત




શ્રી સમસ્ત અચલગચ્છ જૈન સમાજ, મુલુંડ દ્વારા પૂ. ગુરુવર્યા શ્રી આર્યરક્ષિતાશ્રીજીની પાવન નિશ્રામાં રવિવાર તા.૨ સપ્ટેમ્બર, ૨૦૧૮ના સવારના ૮-૪૫ કલાકે વાસુપૂજ્ય દાદાના પટાંગણમાં ''મૃત્યુની રનિંગ કોમેન્ટ્રી''નો અનોખા અને વિચારપ્રેરક કાર્યક્રમની રજૂઆત કરવામાં આવી હતી. અભિનય, સંગીત અને દૃશ્યશ્રાવ્ય માધ્યમના સુભગ સંગમ સમા કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા ભાવિકોને મૃત્યુની ભાવયાત્રાનો અવિસ્મરણીય અનુભવ કરાવવામાં આવ્યો હતો.

મનુષ્ય ખુલ્લી આંખે હજારો સ્વપ્ન જુએ છે. જેને દિવા સ્વપ્નો કહેવાય છે. સમગ્ર મનુષ્યજાતિ આ દીવા-સ્વપ્નોમાં રાચે છે. એજ રીતે જીવતે જાગતે જાતના મોતને જોવાનું અદ્‌ભુત સ્વપ્ન એટલે મૃત્યુની ભાવયાત્રા. આ રીતે જે સ્વના મોતને જોતાં જોતાં જાગૃત બની જાય છે. તે આ જગતની નશ્વરતા અને અનિત્યતાનો સ્વીકાર કરી શકે છે. તેમજ સ્વજનના મૃત્યુને પણ પચાવી શકે છે. એવો આ રજૂઆતનો વિચાર પ્રેરક સૂર હતો.

# શ્રી પાર્શ્વ કુશળ જૈન સેવા ટ્રસ્ટ, તિરપુર દ્વારા જન્માષ્ટમી અને પૂ.અનુભવશ્રીજી મ.સા.ના જન્મદિવસની ઉજવણી સંપન્ન

શ્રી પાર્શ્વ જૈન સેવા ટ્રસ્ટ, તિરપુર દ્વારા તા.૩ સપ્ટેમ્બર ૨૦૧૮ના તિરપુરના કુરીંજી નગર સ્થિત શંખેશ્વર પાર્શ્વનાથ દેરાસરમાં જન્માષ્ટમી અને પરમ પૂજ્ય મહાન આત્મસાધિકા અનુભવશ્રીજી મ.સા.ના જન્મદિવસની ઉજવણી ઉત્સાહપૂર્વક કરવામાં આવી હતી. આ અવસરે ૧૦૮ ભાવિકોએ એકાસણા કર્યા હતા.

આ ઉજવણી પ્રસંગે ૫ થી ૧૫ વર્ષના બાળકો માટે માત્ર ધર્મના વિષય પર વેશભૂષા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૨૫ થી ૩૦ જેટલા બાળકોએ ભાગ લીધો હતો. વિજેતા બાળકોને ઈનામો આપવામાં આવ્યા હતા. સાંજે ૫.૩૦ વાગ્યે કુમારપાળ રાજાની આરતી કરવામાં આવી હતી.

નોંધ : તિરપુરમાં હાલ ૬ સાધ્વીજીઓનું ચાતુર્માસ ચાલી રહ્યું છે. જે કોઈ ભાવિકને સાધ્વીશ્રીજીઓના દર્શન વંદનનો લાભ લેવો હોય તો તેમનું સ્વાગત છે. રેલ્વે દ્વારા ભારતના ઘણખરા સ્થળોથી તિરપુર પહોંચી શકાય છે. સૌથી નજીકનું એરપોર્ટ કોઈમ્બતુર તિરપુરથી ૫૦ કિ.મી.ના અંતરે આવેલું છે. તિરપુરની મુલાકાત અંગે વધુ માહિતી મેળવવા સતીશ એચ.નાગડાનો ૦૯૪૮૬૧૧૨૪૯૦ મોબાઈલ નંબર પર સંપર્ક કરવો.


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# પર્યુષણ પર્વમાં સકળ જૈન સમાજ સમેત શિખરજીની તીર્થરક્ષા અભિયાનમાં જોડાવા અપીલ



સમસ્ત ભારતનો જૈન સમાજ ટૂંક સમયમાં શરૂ થનારા પર્યુષણ પર્વની ઉજવણી માટે ભક્તિભાવપૂર્વક તૈયારી કરી રહ્યો છે ત્યારે પ્રત્યેક જૈનધર્મીને આઘાત લાગે એવી બાબત જૈનોના પવિત્રતમ તિર્થસ્થાન સમેત શિખરજી ક્ષેત્રમાં આકાર લઈ રહી છે. તાજેતરમાં ઝારખંડ સરકારે આ પવિત્ર સ્થળને 'ટુરિસ્ટ સ્પોટ' તરીકે વિકસાવવા તળેટીમાં દારૂ અને માંસની દુકાનો શરૂ કરવાનો નિર્ણય કર્યો છે. આ નિર્ણયની વિરૂદ્ધ સમસ્ત ભારતના જૈન સમાજમાં વિરોધનો વંટોળ ઉઠયો છે. જૈન ધર્મના પૂજ્ય સંતોએ જ્યાં ૨૦ તિર્થંકરોના મોક્ષ કલ્યાણક થયા છે એ પવિત્ર ભૂમિની ધાર્મિક અસ્મિતા જાળવી રાખવા આ નિર્ણયનો એક જૂટ થઈને વિરોધ કરવા તિર્થરક્ષા અભિયાન શરૂ કરવા આવ્હાન કર્યું છે. આ આવ્હાનને ઝીલી લેતાં મુલુંડના સર્વ જૈન સંઘો આ તિર્થરક્ષા અભિયાનમાં જોડાવા જઈ રહ્યા છે. એ અનુસાર પર્યુષણ પર્વ દરમ્યાન મુલુંડના (સાથે સાથે મુંબઈ અને ભારતમાં) બધા જ જિનાલયોમાં આ નિર્ણયનો વિરોધ કરતા આવેદનપત્ર ઉપર નામ, મોબાઈલ નં., ઈ-મેઈલ લખી સહી ઝુંબેશ શરૂ કરવામાં આવશે. જૈન ધર્મમાં તીર્થરક્ષાએ ઉચ્ચતમ ધર્મ અનુષ્ઠાન છે. પવિત્ર પર્યુષણ પર્વમાં ભક્તિભાવનાની સાથે આ તિર્થરક્ષા અભિયાનમાં કુટુંબના પ્રત્યેક સભ્યે સહી કરી આ અનુષ્ઠાનમાં જોડાવા સકળ સંઘના જૈન ધર્મીઓને આવ્હાન છે.

આ આંદોલનમાં બહુ સંખ્યામાં સૌ જોડાય અને વિરોધ પત્રમાં સહી કરી ઝૂંબેશને સફળ બનાવે.

**શિખરજી જી કેમ્પેનમાં સહભાગી થાઓ**

**પર્યુષણ ના દિવસો માં આ માટે વિશેષ જાગૃતિ ફેલાવવાની છે...આપ આપના સંઘમાં વધારે માં વધારે વિરોધ પત્ર માં સહી ભેગી કરશોજી....**

**આપના સંઘ ના કોઈ એક જણનું email id achalsikharjigmail.com પર મોકલશો.... આપને ફાર્મ ની સોફ્ટ કોપી મોકલાવવા માં આવશે ....જેની પ્રિન્ટ કઢાવી zerox કરી વધારે માં વધારે લોકોના ફોર્મ ભરાવશો....**

**ભરાવેલ ફોર્મ ને અખિલભારત અચલગચ્છ સંઘ ની ઓફિસે મોકલી આપશોજી....**

# ડોંબિવલી નગરે અજૈન ચર્મકાર કરે છે તપનો ચમકારો



ડોંબિવલી નગરે વેસ્ટમાં કોપર રોડ પર એક અજૈન ચર્મકાર કારીગર-મોચી બુટ, ચંપલ રિપેર કરવાનું સામાન્ય કામ કરે છે. ગજરાબાઈ મંડરાઈ નામના આ ભાઈ જૈન ધર્મથી એટલા પ્રભાવિત છે કે વર્ષોથી પર્યુષણ દરમિયાન તપ કરે છે. આઠમથી કરી આજે ૫૧ ઉપવાસની ઉગ્ર તપસ્યા શાતાપૂર્વક કરી રહ્યાં છે. પ.પૂ.મહાદેવ સાગરજી મ.સા.ની નિશ્રામાં બોરીવલી મુકામે તેઓ આ આરાધના કરી રહ્યાં છે. એમની દુકાન કોપર રોડ પર કલ્યાણજીભાઈ દૂધવાળાના દુકાન સામે ભાલચંદ્ર બિલ્ડીંગમાં છે. આપણે સૌ અરિહંત પરમાત્માને આ તપસ્વીના માટે પ્રાર્થના કરી ઉગ્ર તપસ્યા શાતાપૂર્વક કરે એ માટે ખૂબ ખૂબ અનુમોદન કરીએ.

# શ્રી મોટી ખાવડી તીર્થે પર્યુષણ પર્વની ભવ્ય આરાધના

શ્રી મોટી ખાવડી તીર્થે પરમ પવિત્ર 'કલ્પસૂત્ર' પોથી પધરાવવાનો અમુલ્ય લાભ શ્રી લધુભાઈ કરમશી વીરપાર લોડાયા પરિવાર હસ્તે કિરીટભાઈ એ ૧૫૫ મણમાં લીધેલ છે.





# તિરપુર નગરે પર્યુષણ પર્વની આરાધના માટે ભવ્ય પ્રવેશ



તિરુપુર શ્રી સુવિધિનાથ જૈન દેરાસરમાં પર્યુષણ પર્વની આરાધના કરાવા માટે પ.પૂ.ગુરૂવર્ય હેમ્પ્રભાશ્રીજી મ.સા. ની સુશિષ્યા, પ.પૂ. શ્રી પ્રમુદિતાશ્રીજી મ.સા. તથા પ.પૂ. શ્રી મનનપ્રિયાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૨, તા.૫-૦૯-૨૦૧૮ શ્રી શંખેશ્વર પારસનાથ જીનાલયથી પધારેલ. પ્રવેશમાં વાજતે ગાજતે બહોળી સંખ્યામાં ભાઈઓ તથા બહેનો ભાગ લીધેલ.

# પ.પૂ.અનંતરત્નસાગરજીના ઓપરેશન બાદ વિરામમાં



પ.પૂ.અનંતરત્નસાગરજી મ.સા નો તા ૦૧/૦૯/૧૮ના અમદાવાદમાં કમરના મણકાનું સફળ ઓપરેશન ડૉ. વિશાલ બૌઆ (તુમ્બડી) દ્વારા થયેલ.

પૂજયશ્રી સાંજે હોસ્પિટલથી રજા લઈને અમદાવાદના નવનીત ભવનમાં કસ્તુરબેન રવિલાલ સંગોઈ આરાધના હોલમાં વિરામ માટે આવેલ છે.

એમની ટ્રીટમેન્ટ માટે અમદાવાદ સંઘના વડીલ અને અખિલભારત અચલગચ્છ સંઘ ના વૈયાવચ્ચ સમિતિ ના વરિષ્ઠ એવા ટોકરશી મામા અને તેમની ટીમ હાજર છે.

હજી લગભગ ૧૫ થી ૨૦ દિવસ ત્યાં સ્થિરતા કરશે.

તેમનું ચાતુર્માસ કચ્છ માં શેરડી ગામે છે.


Gallery of Designer Customized Photo Framing at IIT, POWAI.

Larin Khona
(Sujapar)

anmol
COLLECTION

ART & FRAMES

ORIGINAL PAINTING | CUSTOM FRAMING | FINE ART MATERIALS

